
રણ-ભેરી
વન્દે માતરમ્
O.T.
SURTI 1929.
લેખક:- "મસ્તમયૂર".

॥ ॐ तत्सत् ॥

સાહિત્ય-સદન-ગ્રન્થાવલી. પુસ્તક પ્હેલું.

રણદુંદુભી.

[એક વીરરસ પ્રાધાન્ય ખણ્ડ કાવ્ય.]

લેખકઃ—

"મસ્તમયૂર."

જયકૃષ્ણ સી. સુરતી.

સભ્ય, સાહિત્ય સદન,

ભરૂચ-હાલ નડિયાદ.

પ્રકાશકઃ—

કાન્તિલાલ નાથુભાઈ શેઠ

બુકસેલર્સ એન્ડ પબ્લીસર્સ

સભ્ય, સાહિત્ય સદન,

વડાપાડા—ભરૂચ.

સંવત ૧૯૮૫.] [સને ૧૯૨૯.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

મૂલ્ય, ત્રણ આના.

☞ શ્રી જ્ઞાનોદય ઇલેકટ્રીક પ્રીંન્ટીગ પ્રેસમાં ઇચ્છાલાલ અમૃતલાલ
મામલતદારનાએ ભરૂચ નવાદહેરા રોડ ઉપર આવેલા
નંબર ૫૧૦ વાલા મકાનમાં છાપ્યું.

પરિચય–

મારા અંગત મિત્ર અને " સાહિત્ય સદન " ના એક ઉત્સાહી સભ્ય ભાઈ જયકૃષ્ણ સુરતીની કૃતિ જનતા સમક્ષ મુકતાં મને જેટલો આનંદ થાય તેટલો ઓછો !

' જયકૃષ્ણ કવિ ' ને નામે ભરૂચમાં ઓળખાતા કવિ ચિત્રકારઃ ભાઇ શ્રી સુરતીને આખા ભરૂચમાં ભાગ્યેજ કોઇ નહીં ઓળખતું હોય. આ એમનું " રણદુંદુભી " નામનું એક વીરરસ પ્રાધાન્ય ખંડ કાવ્ય " સદન ગ્રન્થાવલી " ના પ્રથમ પુસ્તક તરીકે બહાર પડે છે. ' સદન ' ના સભ્યોને મન તો આજે તેમના કાર્યનો પાયો નંખાય છે. ' સદન ' ની સ્થાપના કરી પ્રકાશન સંબંધી કાર્ય કરવા અમોએ ઠરાવ કર્યો ત્યારે મને ભાગ્યેજ ખ્યાલ હતો કે અમો ઘણાજ ટુંક સમયમાં એક આવું સ્વદેશાભિમાન ભર્યું ઉત્તમ કાવ્ય જનતા સમક્ષ મુકી શકીશું.

આ પ્રયાસનું સઘળું માન ' સદન ' માટે આ પુસ્તક પ્રસિદ્ધ કરનાર ભાઇ કાન્તિલાલ નાથુભાઇ શેઠ બુકસેલર્સનેજ આભારી છે. તેમના ઉત્સાહ ભર્યા સહકાર માટે અમો તેમને જેટલો ધન્યવાદ આપીએ એટલો ઓછો છે.

' સદન ' નું અસ્તિત્વ સાહિત્ય અને કલાની ઉન્નતિ અને વાડાની પ્રણાલિકાબદ્ધ થયેલી સાહિત્ય સંસ્થાઓ જે યુવકોના ઉગતા ઉત્સાહને ડામી દઇ તેમને નિરૂત્સાહ બનાવી મુકે છે તે યુવકોને ઉત્સાહ આપી–તેમની શક્તિને યોગ્ય માર્ગે દોરવા માટે છે.

હું ભાઈ જયકૃષ્ણની કૃતિને જનતા વધાવી લેશે એમ ઇચ્છું છું.

તા : ૬ : ૬ : ૨૯.
આચારવાડા,
ભરૂચ.

રમણ. એમ. દેશાઈ.

પ્રમુખ, " સાહિત્ય સદન."

આ પુસ્તક મળવાના ઠેકાણાં:—

સુરત:—કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ સુરત.

મુંબાઈ:—મણીલાલ છબીલદાસ દેસાઇ
કોલભાટ ૧ લી ગલી માલાબીલ્ડીંગ—મુંબાઇ.

વડોદરા:—એમ. સી. કોઠારી રાવપુરા—વડોદરા.

અમદાવાદ:—ગુજરાત સાહિત્ય મંદિર રીચીરોડ—અમદાવાદ.

રાણપુર:—સોરાષ્ટ્ર કાર્યાલય લીમીટેડ—રાણપુર.

ઉત્સર્ગ પત્ર

આ

રણદુંદુભી

ગુર્જર-સાહિત્ય-સાગરને

અવિરત આકર્ષણથી

મસ્ત બનાવનાર

એ પૂર્ણ કવીન્દ્ર

મહા કવી

શ્રી. ન્હાનાલાલ દલપતરામ કવિના

અમલ ચરણ કમલમાં

સપ્રેમ સમર્પણ કરૂં છું.

આપનો કૃપાભિલાષી.

"મસ્તમયૂર"

॥ ૐ ॥

સાહિત્ય-સદન-ગ્રન્થાવલી. પુસ્તક પ્હેલું.

રણદુંદુભી.

હરિગીત:—

જે તન્ત્રનો શાગીર્દ છે શયતાન આ સંસારમાં!
જે મન્ત્રમાં માલિન્ય છે; સાધો છતાંય સ્મશાનમાં!
જે આંખમાં વિકાર છે; સુન્દર છતાં તલ્વાર છે!
તે આંખને તે મન્ત્રને તે તન્ત્રને ધિક્કાર છે! ૧

જે જોગ આશંકા ભર્યો તે યોગથી સિદ્ધિ નહીં!
જે ભોગ મનમાન્યા નથી તે ભોગમાં આનન્દ નહીં!
જે દેશમાં સુસ્તી ભરી તે દેશમાં ઉદય નહીં!
જે જંગમાં મર્દો નથી તે જંગમાં વિજય નહીં! ૨

જે ધ્યાન નવ લવલીનતા તે ધ્યાનથી દર્શન નહીં!
જે આંખમાં છે નવ દયા ત્યાંથી અમીવર્ષણ નહીં!
જે ઉર નવ ઉદારતા ત્યાં દાનની વૃત્તિ નહીં!
જે દિલમાં દૃઢતા નહીં ત્યાં ભાવના ભક્તિ નહીં! ૩

રક્ષણ થશે અમ કુલનું! એ કામના પોષી હમે!
પેદાં કર્યાં સન્તાન દુર્ભાગી (!) પળે ભૂલી હમે!
વાડ જેવા; રક્ષવા અમ ક્ષેત્રને રોપ્યાં હતાં;
પણ કંટકો; બાવળ બની; સૌ માર્ગ રોકી છે ઉભા! ૪

માબાપ તે માબાપ છેઃ પરિતાપ ના આપી શકે!
'ગાંડા છતાંયે છોકરાં!' આવું કહે ને સાચવે!
બાપ ભૂંડો જો બને તો સુતવધ તે આદરે!
પણ માવડી-રસગાવડી! મધ્યે જઈ માથું ધરે! ૫

'ગંગા' યુગાન્તરને ઉલ્લંઘી એજ જીવન જેરવે!
'હિમાદ્રિ' પણ આશા ભર્યા જુવાન જેવો ધ્રુવ છે!
'સાગર' અમરકવિકુલ–કીર્તિનો કવિતા ઘૂઘવે!
'આકાશ' પણ ઉન્માદથી કો આદ્યશક્તિને સ્તવે! ૬

કો પૂછશો કે દેવતાની પાંખ વિષે પોઢતો;
અમ દેશ ભારતવર્ષ શાને અધમતામાં જીવતો?
શું વિશ્વના ઇતિહાસમાં નવ એનું આલેખન થશે?
કે, કો કવિ–કોકિલ નવ ગાથા સગર્વે કૂજશે? ૭

દેવી! મહામાયા! ભુવનધાત્રી! હતા એ 'દ્રૌપદી;'
જો 'કૌરવો' એ મોહથી દુભાવી 'પાંડવ'–ગૃહિણી;
દુભાવનાર છકેલ એ 'દુર્યોધને' શું મેળવ્યું?
એ 'હસ્તિનાપુર' નું મહાસામ્રાજ્ય નષ્ટ થઇ ગયું! ૮

મા! પૂજ્ય! 'સીતા'! સાધવી! પદ્મિની પ્રગટયા જનકઘર;
'રામે' હૃદયને પારખી; વીંટી લીધાં જીવન અમર.
પણ ભાનભૂલ્યા 'રાવણે' દાનવલીલાને પાથરી!
સુવર્ણલંકા પદ્મિની–મોહાગ્નિ વિષે આવરી! ૯

'ઋગ્વેદ' ની ઋચા ભણીને દેવને આરાધતા!
યજ્ઞે 'યજુર્' ને 'સામ' થી બલિ દઇ વિભૂતિ તોષતા!
વ્યવહારના વિઘ્નો 'અથર્વ'–કલા–બલે વિદારતા!
નીતિ–સમિતિથી સમુજ્જ્વલ આર્ય કરતા આર્યતા! ૧૦

'આરણ્યકે' આરણ્યવાસીના નિયમ બતલાવતા!
સંસારમૂળને શોધવા 'ઉપનિષદો' માં ધીપ્રભા!
પંચતત્ત્વોના પડળ ઉકેલીને ઉથલાવતા!
'શ્રુતિ' પછી 'સ્મૃતિ' રચીને 'બ્રહ્મ–સ્મૃતિ' કરાવતા! ૧૧

'સાંખ્ય' માં 'પુરૂષ–પ્રકૃતિ' 'કપિલે' પારખ્યાં!
'યોગમાં' 'પાતંજલે' 'પ્રકૃતિ-પુરૂષ' છૂટાં કર્યાં!
'ન્યાય' વિષે 'ગૌતમે' 'આત્મા' અનાદિ ઓળખ્યો!
'વૈશેષિકે' અણુથી 'કણાદે' છે અનન્ત દીઠી લીલા! ૧૨

'પૂર્વમીમાંસા' કથી 'જૈમિનિ' એ 'વેદાન્ત' ની;
'બાદરાયણ વ્યાસ' થી 'ઉત્તર મીમાંસા' ઉદ્‌ભવી.
'બોધિસત્વ' થી બોધ પામી 'બુદ્ધ' નિર્વાણે સંચર્યા;
'મહાવીરજિને' આકરાં વ્રત જો અહિંસા આદર્યાં. ૧૩

'પોરસે' 'એલેકઝાન્ડર' ને હતું નમતું દીધું!
'એલેકઝાન્ડર' ને છતાં, દર્શન કરાવ્યું શૌર્યનું!
'મગધલક્ષ્મી' 'ચન્દ્રગુપ્તે' લૂંટી નન્દનિકન્દને!
'અશોક' મૌર્યોદય થયો; એ 'માગધી–પાલી'–પટે! ૧૪

'સમુદ્રગુપ્તે' 'ગુપ્ત' વંશની વેલ અમૃતથી સીંચી!
'ગુપ્ત' વંશ તણી ગરિમા શૌર્યથી છે સાચવી!
'ગુપ્ત'ની લક્ષ્મીપ્રભા સંસારને ઉજાળતી;
'વિષ્ણુ ભક્તો' ને પરમ સન્માન આપી પાળતી! ૧૫

ગાન્ધાર–કપિશા–ને બલાહક પર ગરૂડધ્વજ ઉડતો!
'સ્કન્દગુપ્ત' સમાન જાયો જુદ્ધ ઘાટે ઝૂમતો!
'ગોવિન્દગુપ્ત' સમાન બન્ધુ રાજનીતિ ખેલતો!
પૃથ્વીપટાન્તર પાટલીપુરની પ્રતિભા પ્રેરતો! ૧૬

શૂર! સાવજ! જાત ને ભૂપાળ ધર્મ ભૂલી ગયો!
અયશઆરામે પડી; પદભ્રષ્ટ નષ્ટ થઈ ગયો!
વેશ્યા 'અનન્તા' ની સબળ સૌન્દર્યશિખામાં પડી–
–'કુમારગુપ્તે' ગુપ્તવંશની લુપ્ત લાલીમા કરી! ૧૭

'સ્વગૃહ ફૂટે ઘર જાય!' કહેતી કાલ ચોઘડીયાં કહે;
નીતિ વિનાના પ્રાન્તમાં દારિદ્ર–દરિયો ઉલટે!
આકાશ પણ અનન્તરતણા રત–રંગ–પ્રકૃતિ ત્યજે!
જો કાળ પણ દૂરકાળ જેવાં વજ્ર શાં શસ્ત્રો સજે! ૧૮

શંખધ્વનિ ને તીરનાં ટંકાર જ્યાં પહોંચી જતાં;
કમ્પિત કેવળ નાદથી માને અરિ આધિનતા;
દીલ્હીપતિની હાકથી શમશેર સો સો ચમકતી;
એક હથ્થુ જેમની સત્તા સુખદ જામી હતી! ૧૯

ભ્રૂભંગી કરતાં નાગી લઈ નર ઘૂમતા કરવાલને!
તાકાત ન્હોતી કોની લેવા શિર કે શિરબાલને!
ભારતીની આરતી હરપળ થતી વિધવિધ રૂપે;
ઘણ્ટા સમ્યા! ગઈ આરતી! કાલેશના કાળા કૂપે! ૨૦

અમલ મસ્તકકમલ શોણિતગંગમાં શુચિ કરી!
જનનીપૂજા કરતા અસિથી! રાખી હા–માં વૈખરી!
'સંયોગિતા'ના યોગથી 'પૃથુ'ની પ્રભા ઉજ્જ્વલ થઈ!
પણ પ્રેમપારાવારમાં 'ચૌહાણલક્ષ્મી' ચળી ગઈ! ૨૧

આર્યો તણી ભૂતિ ગઈ અંગુલિના નિર્દેશથી;
'જયચન્દ' 'શાહબુદ્દીન' લાવ્યો વૈર અંગત કેળવી,
અંગત અસૂયાએ હમારી હામને હોમી દીધી!
દેશની દાક્ષિણ્ય એ વૈરાનલે ડામી દીધી! ૨૨

અંગત જીવનની આગમાં હોમ્યું અદૃષ્ટ સ્વદેશનું!
અંગત ફૂટયાં હૈયાં ફૂટયાં! અંગત હતું આપી દીધું!
ઉન્માદનો દારૂ પીને ઉન્માદથી પોતે મુવા!
ને એ પુરાણી ખાક પર આજે ધૂણે લાખો ભૂવા! ૨૩

બાવા બન્યા પોતે અશકિતથી કુટુમ્બકલંકું શા!
હરામજાદાઓ હતા! બાવા બીજાને પણ કર્યા!
અક્કલતણું વિક્રય કરી શાને નકલ કરવા ગયા?
કરવા જતાં ભૂલી નકલ, પટકાઈને પૂરા થયા! ૨૪

તખ્ત સહ તલવાર ગઈ! ને વખ્ત પણ વીતી ગયો!
શત્રુદલમાં પણ ધડો નવ બન્ધુ–દ્રોહીનો થયો!
શત્રુ પણ સ્હમજી ગયા એ બન્ધુઘાતકની મતિ!
દ્રોહનો બદલો દઈ; દ્રીગુણ કરી સત્તાગતિ! ૨૫

દરબારગઢની ડે'લીએ નિશાન–નોબત શોભતાં!
દરબારને ખમ્મા કહી પ્રતિહારના શિર ઝૂકતાં!
નિશાન તાકેલાં ન પાછાં ખેંચતાં કે ચૂકતાં!
પણ દ્રોહી કોઈ પ્રધાનના પાપે ડૂબી સૌ દિવ્યતા! ૨૬

વૈભવ મળ્યા! મણિરત્નમંડિત હેમ-આસન રાજવા!
પ્રભૂના પ્રસાદ સમા મળ્યા પ્રાસાદ વસવા વિહરવા!
પણ ભાગ્ય રૂઠે; રાજલક્ષ્મી રૂઠીને ઉઠી જતી!
રાજા બને ભિખારી! ભીખની ઠીબ પણ ફૂટી જતી! ૨૭

'કરણઘેલા' ની મતિ અવગતિ નિમિત્તે ફરી ગઈ!
'માધવ-પ્રિયા'-સૌન્દર્ય-સુરપાનથી જો છકી ગઈ!
રાજવી શો રાજ વિના રાનરાન ભમ્યો અરે!
શ્યામતણા સૌન્દર્યઘેલા કૈં કમોતે જો મરે! ૨૮

નિમકહરામ કર્યું પ્રભૂનું! ઋણ ના વાળી શક્યો!
વૈરઘેલો મૂઢ-'માધવ' ક્રોધ ના ખાળી શક્યો!
'ગુજરાત' ઉપર રાતને નિમન્ત્રવા ચાલ્યો ગયો!
'અલ્લાઉદ્દીન' ધર્મધૂની-ઈસ્લામના શરણે ગયો! ૨૯

લાલ ટોપી-લાલ ઝૂન્ડો-લાલ ભીષણ ટોળકી!
લઈને નૂરે ઈસ્લામની આવ્યો બજાવા ઢોલકી!
'કરણ' ની જાહોજલાલી કાલના પંજે પડી!
'માધવ-પ્રિયા' ના પ્રેમથી જો 'ગુર્જરી' બીબી થઈ! ૩૦

આંખ 'ઔરંગઝેબ' ની એને દગો દેતી ગઈ!
પાંખ વૈભવ-પ્યારની ઢીલી થઈ-તૂટી ગઈ!
'દારા-સુજા' ના ખૂનમાં તખ્તેનશીન પોતે થયો!
પણ રંગ જૂના પાપનો જૈફી થતાં ઘાડો થયો! ૩૧

અશ્કને બહલાવતો! 'કુરાન' ને સર નામતો;
'ખુદા' ની પાસે ખુદબખુદ ગુન્હાની માફી માંગતો!
થાકી ગયો એ રાજલક્ષ્મીના ખૂની ખેલન થકી!
ખૂનના કતરાની દૌલત ખૂનમાં ખાલી થઈ! ૩૨

'મહારાષ્ટ્ર'ની સ્વાધિનતા 'શિવાજી' દીપ્ત કરી ગયો!
પંજો ઉઠાવી ધર્મક્ષેત્રે ધર્મ કાજ ખપી ગયો!
ધર્મની સાચી ધગશ મરતાં સુધી હૈયે હતી!
ધર્મવીર 'શિવાજી' ની માનો સદાની સદ્‌ગતિ! ૩૩

નયનકુંડે અગ્નિ વરસે! ફાળ ભરતો કેસરી!
ઇષ્ટ માન્યો રાષ્ટ્ર! ધારી ધર્મકેરી ધુંસરી!
ગાંડપણ ઇસ્લામનું દાબી દીધું તલ્વારથી!
તલ્વારનો ઉત્તર દીધો પૂરેપૂરો તલ્વારથી! ૩૪

'મહારાષ્ટ્ર' નો એ કેસરી જો રાષ્ટ્રકેતન રોપતો!
'શમ્ભાજી' એનો સુત; પિતૃદુર્ગ હાથે તોડતો!
સુવર્ણ-શ્યામા ને સુરા 'શમ્ભાજી' ને લૂંટી ગયા!
પિતૃ-ગણિત ચોપાટ પર ઉંધા બધાં પાસાં પડયાં! ૩૫

'ઇસ્લામ' 'હિન્દુધર્મ' ના ઝઘડા ન જો હોતે કર્યાં!
'અકબર-પ્રતાપ' 'શિવાજી-ઔરંગઝેબ' ના હોતે લડયા!
લખાત 'આર્યાવર્ત' નો ઇતિહાસ જૂદો આજનો!
હોતે વિજયધ્વજ ઉડતો 'હિન્દુ' અને 'મુસ્લીમ' નો! ૩૬

'બહાદુરશાહ' ની ઝીન્દગી આવી દુ:ખી ના વીતતે!
'સિરાજુદૌલા' ની મહાસત્તા ન દૌલત ડૂબતે!
'મીર કાસીમ' 'મીરજાફર' ઔર રંગો ખેલતે!
'ઇસ્લામ' 'હિન્દુ' અજોડનાં નોબત સજોડે ગૂંજતે! ૩૭

પણ રંકને દીધાં રતન! કરતાં જતન ના આવડયાં!
શંકિત માટે ઔષધો ના'વે જરાયે કામમાં!
'વસન્ત માલતી' સેવતાં પણ ના પરેજી પાળતા!
'વૈદ્યમણિ' તે શું કરે?! હાથે કરી મરવા જતા! ૩૮

વસ્તુસ્થિતિ વંઠી જતી ત્હેને સમારી ના શકયા!
બગડી જતી બાજી છતાં પાજી ન સુધારી શકયા!
વિધિ પછી વાંકી થઈ! ત્રિશંકુ જેવી થઈ ગતિ!
આર્યો શકયા ના હોળવી આપત્તિ-જ્વાળા આવતી! ૩૯

તે રાષ્ટ્ર કયાં? તે દિન કયાં? તે વજ્રમુષ્ટિવીર કયાં?
જો આજ તો બળહીન બાકી અન્નમુષ્ટિ વીર આ!
ભાગ્ય સ્હામે ભૂજબળથી ઘૂમનારા ભડવીરો!
કેસરીના બાલ ભારત-ભાલ-રવિ કાં નૃવરો? ૪૦

આરઝુ ઉંડી હતી નિજ દેશ દેવ બનાવવા;
આરઝુ પ્રબળા હતી વિસ્તૃત સત્તા સ્થાપવા;
આરઝુ આર્યત્વને અમરત્વ પદવી અર્પવા
જાગી હતી આર્યો વિષે સુરપિતૃઓ સન્તોષવા– ૪૧

ખણ્ડ કે વિખણ્ડ ના! પણ એક દણ્ડ ધ્વજા હતી!
ધર્મદ્યુતિ ઘન તપોવનમાં જીવન આરોપતો!
કારૂકાર્યકલાકલિ સુરભી જગે ફેલાવતી!
આન્ડોલનો વિજ્ઞાનના સંસારભરમાં પ્રેરતી! ૪૨

દેવતાત્મા શા ધવલ હિમાચલે ફરફરકતી,–
દણ્ડ ઉપર દેશની દૃઢતા–ઉડી દર્શાવતી;
'રામકૃષ્ણ' નીતિ તણી ગીતિ કહી સંભળાવતી;
સ્વાતન્ત્ર્ય વીણા અખિલ આલમ ઉપર જાદુ ડારતી! ૪૩

ત્રાજવે તોલે નહીં ને અન્નને લૂંટાવતા;
વેણ વૃથા કોઈ પણ બોલે નહીં એ સત્યતા!
પ્રાણ દુભાવે નહીં સ્વાધિન જૂના ભૃત્યનાં!
આદર્શ પણ ઉંચા હતાં આદરભર્યાં આતિથ્યનાં! ૪૪

બાપની આજ્ઞા તણું કરતા ન ઉત્થાપન કદિ!
બાપની સ્હામે ન બોલે ગૌપ્યગોપનની રીતિ!
બાપ કેરી પાદરેણુ શિર લઈ પધરાવતા!
પિતૃ આજ્ઞાધિન રઘુકુલરત્ન 'રામ' વને ગયા! ૪૫

પ્રાતઃસ્મરણ માતૃપૂજા આર્યાંગણો દીપાવતી;
સાવજસુતો ઉછંગ માંહ્ય 'હમીર' શા ખેલાવતી!
અનુતાપ જોતાં માતનો ઉત્તાપ ઉછળી આવતો!
લજ્જા જનક–જનનીતણી સિંહસુત પછી લાવતો! ૪૬

ભાઈ કોઈ કસાઈ ના! પણ બન્ધુ 'લક્ષ્મણ' વીર શા!
અનુજ અગ્રજની સદા આજ્ઞા ઉઠાવે શિરસા!
ભાઈ માટે ભાઈ ધાઈને તરત માથું ધરે!
એ 'ભરત' જેવા યોગીબન્ધુ ના કલિમાં અવતરે! ૪૭

તાતી ચલાવી 'તૈલપે' પણ હારથી હારી ગયો!
હથિયાર છોડી શૂરસંઘ વિમુખ જંગથકી થયો!
હાકથી 'મૃણાલદેવી' ની ઉઠયા સૌ મહારથી;
રણચણ્ડી! ભગિનીએ બચાવી બન્ધુકીર્તિ બાહુથી! ૪૮

પતિપરાયણ પ્રેમદા 'સીતા' સમી ના—ના—જડે!
રથચક્ર અંગુલિ ધરી; 'કૈકેયી' સમ કયાં સાંપડે?
'પદ્મિની' 'રાણકદેવી' શી સૌભાગ્યસૃષ્ટા ના મળે!
પતિમૃત્યુ મ્હેલાં શિર વાઢે: ભગવતી ના ભૂતળે! ૪૯

'ભગવાન બુદ્ધ' સમો પતિ નિર્વાણપદને ઝંખતો;
સંસાર કેરાં સૌખ્ય ખાતર રાજલક્ષ્મી ઠેલતો!
જોયો નથી બીજે કશે એવો અહિંસાનો સખા!
'ગાંધી' કલિકાલે ફરી પાકયા ઝીલી એની પ્રભા! ૫૦

ઉન્મત્ત આશાવાદનો ઉન્નત સત્યો આપતો;
પરસુખશોખી એ ભલો! સ્વતનુ દુઃખાગ્નિ તાપતો;
'હિંસા ખૂણે યે ના જડે! માથું કુટી કો ના રડે!'
'સ્મિત કરે સંસાર સારો; દુઃખગિરિ મૂજ પર પડે!' ૫૧

વિસ્તૃત આવી વાંછના 'મોહન' સદન્તર કેળવે;
એ વાંછનાથી દેશનેતા પ્રેરણાઓ મેળવે;
'ડોસો' કહે કે દેશનું દારિદ્ર ચાહો કાપવા;
આવો બતાવું પન્થ ત્હમને 'રેંટીયા' થી જિતવા! ૫૨

વાકય અનુભવીના હજુ હૈયે ઉંડે ચ્હોંટયાં નથી!
આ દેશના યુવાન—યુવતી "રેંટીયે" રીઝયાં નથી!
ચાલબાજીના હજુ વ્યવહારદુર્ગ વિંધ્યા નથી!
સંસાર—જુવાળે હજુ નૌ—જોખમો ખેડયાં નથી! ૫૩

બંડ સામાજિક કરવાનો મહેચ્છા માંડતા!
તોડવાને તન્ત્ર વડવાનાં પ્રતિપળ વાંછતા!
સીધી સમાજ કરી પછી સામ્રાજ્યને જોવા કહે;
દંડવા પાપી; પ્રતિજ્ઞા પ્રૌઢ મન સાથે કરે! ૫૪

બાપના કુવાની વિષે શીદ પડતું મૂકવું ?
વાતાયને ગુલામીની કાં પેટ માટે ઝૂકવું ?
બોલી બોલીને નિરર્થક થૂંક કાં ઉરાડવું ?
શ્વાનવત્ કાં ટૂકડે ખૂની અદાથી રીઝવું ? ૫૫

ચાકપર ચ્હઢવું પડે ચ્હડશું ! હમોને થાક ના !
ત્રાંસી નઝર ફાંસી કરે ત્હેનો હમોને ધાક ના !
બાણુશય્યા 'ભીષ્મ' ની આદર્શ છે ઉદ્ધારના !
કર્ણકુહરે થાય શંખનિઘોષ દેશ–સુધારના ! ૫૬

આ દેશ માટે વેશના આદર્શ પણ પરિવર્તશું !
ને ધૂમથી ગુંગળાયલા આકાશને છોડાવશું !
આર્યના કારીગરીને હર્ષથી અપનાવશું !
એ કાલમુખી પરકલા; માની બલા દફનાવશું ! ૫૭

આનન્દ–નિરાનન્દને સાથે સદા સુવાડશું !
સુખની બાજીગરી સસ્મિતથી સંકેલશું !
દુઃખ–ઝંઝાવાત કાળીરાતને નિમન્ત્રશું !
ને હાથમાં માથું લઈ સ્વાતન્ત્ર્યજંગો ખેલશું ! ૫૮

પૂર મઝા યા પૂર સઝા સાકી ! હવે પીવાડજે !
દરવાન "હિન્દુસ્થાન" ને દરવીશ રંગે રંગજે !
કહી રહ્યા પેલા સમુંદર સાત વરદાયિ કથા;
શું દેવના દૂતો તણી વાણી કદિ થાશે વૃથા ?! ૫૯

શાપ જૂનાં પાપના સાંખી સૂતા, શિલા થઈ;
દેવત્વ વરવા પત્થરોની તપપ્રભા તાતી થઈ !
વિજ્ઞાનથી પાષાણ પંખાળાં થઈને ઉડશે;
ને પાપ–પુન્જો પર બધાંએ જન્મજોગી તૂટશે ! ૬૦

ભૂગર્ભની ભાષા ભણી; અસ્તર ઉંડા ઉકેલશું !
ગિરિગહ્વરોના વાઘ થઈ રણયજ્ઞ પાછાં માંડશું !
ત્રાડથી ઉંચા તરુને તાડને કમ્પાવશું !
સાતે તબક્કા તોડીને શયતાન બલિમાં હોમશું ! ૬૧

સંચય કરે છે વારિનો આ વારિદો કે' જુગથી !
ને જાય અવનત મસ્તકે મદમત્ત હાથી–મહારથી !
વિદ્યુલ્લતા–ચેતન–પ્રભા–ચમકાર વ્યોમે ચોંકશે !
કે વ્યોમહસ્તિ લક્ષસૂંઢ–વર્ષાથી વારિ છોડશે ! ૬૨

પુણ્યતીર્થે પુણ્યગંગા થઈ; પ્રલય એ નાચશે !
પાપ–સૃષ્ટિ તો પ્રલયના ઘોર ભંવરે ડૂબશે !
પૂરપ્રભાથી આસમાં ઉન્મત્ત આંખો ખોલશે !
તારા–પ્રતારા પૂરબળથી નૃત્ય તાંડવ ખેલશે ! ૬૩

સાકાર નિરાકારના જલ્વા બધાં ઝાંખા થશે !
ધર્મના સમરાંગણો હુડી ભર્યાં સૂનાં થશે !
ગરૂડના નિષ્ઠુર નયન નમણાં થશે વા ફૂટશે !
કે અન્ધ પન્થભૂલી છતી આંખે પ્રલયમાં પોઢશે ! ૬૪

'ક્રાઈસ્ટ' ને ખીલા થકી ઠોકી દીધો ભર ચોકમાં !
'ક્રાઈસ્ટ' ને 'કાપુર: કહ્યો નાસ્તિકતાના ઝોકમાં !
'ક્રાઈસ્ટ' ને કિરિટ કંટકનો દીધો'તો પ્હેરવા !
ત્હેની સમાધિ પર જતા ગુલાબ જાતે વેરવા ! ૬૫

ઘૂઘૂ કરૂણાનો નિધિ સંગીત રેડે દૂરથી;
સર્પકુલનો દર્પ ભાંગે મસ્ત સંગીત નૂરથી.
સાધુ અને સૃષ્ટા ઉપર વિષ્ટા જગર્જન ફેંકતાં !
વિષ્ટા થકી સૃષ્ટા નવું સર્જન કરી બતલાવતા ! ૬૬

મસ્ત તો મરવા ચ્હડ્યા; મૃત્યુ થકી ડરતા નથી !
'મનસૂર' ને પૂછી જૂઓ મસ્તો તણી મર્દાનગી !
સંસારના સાધુજનો સંસારનું શોધન કરી;-
–સંસારના બે સર્જનોને કૈંક ઉદ્બોધન કરી;– ૬૭

–અનન્તથી ઉગી; અલખના ગર્ભમાં ડૂબી ગયા;
–અનન્તને વંખેરી વ્હાલમ વાટને વટવી ગયા;
–અનન્ત ભાંડારે ભર્યાં તત્ત્વો અમર શોષી ગયા;
–અનન્ત અણુથી પૂર્ણતા, કાયાકણું પોષી ગયા. ૬૮

અનન્ત આયુધોની સ્હામે યુદ્ધ ગરવાં ખેલીને–
–અનન્ત–સત્તા–ચોપટે જો પ્રાણસટ્ટા ખેલીને–
–અનન્ત રાજનીતિજ્ઞ માનીના મહામદ મોડીને–
–અનન્ત ખાતર એકલે હાથે ઝઝૂમ્યા જંગજે– ૬૯

–તે ‘ ગોખલે ’ ‘દાદા’ ‘ તિલક ’ ભાલે તિલક શા શોભતા;
માતૃ–પૂજાની મસ્તીને માની મનુજ–મૌલિકતા;
સ્વદેશ–ભક્તિ–પ્રદીપથી દીન દેશના ખૂણેખૂણા;
શોધ્યા; પ્રબોધ્યા ‘ દેશબન્ધુ ’ ની જગાડી ચેતના ૭૦

‘ અરવિન્દ બાબુ ’ ની પરાકાષ્ટા હજુ જોઇ નથી;
‘ અમ્બુ ’ અને ‘ અરવિન્દ ’ ની જામી મઝાની જોડલી !
જલમાં કમલ કમનીય ભાસે; બે છતાં એ એક છે;
શિષ્ય–ગુરૂના જીવનમાં જન્મ્યા અટલ અહાલેક છે. ૭૧

ઓપ આશાના હજુ અભ્યન્તરે જામ્યાં નથી !
દિવ્ય આશાના હજુ દૃઢ યજ્ઞ મંડાયાં નથી !
વિરાટ્ આશાના હજુ રશ્મિ છવાયેલાં નથી !
પર અને પોતાતણા ભેદો ભૂલાયેલાં નથી ! ૭૨

ધર્મના જુલ્મી ઝનૂન અદ્યાપિ લોપાયાં નથી !
કર્મના કોમી કલહના અગ્નિ બૂઝાયાં નથી !
ધર્મની શીળી સહિષ્ણુતા હજુ શોખ્યાં નથી !
ને ‘ મનુજ માટે ધર્મ છે. ’ એ સત્ય કો સ્હજ્યાં નથી ! ૭૩

વિજ્ઞાનથી વ્યુત્પત્તિ કોઇ ધર્મની કરતા નથી !
સિદ્ધાન્ત–સ્થિતિ–દેશ–કાલની સાથ ફેરવતા નથી !
વ્યક્તિગત વિવાદના વૈરાગ્નિને ફેલાવતા–
–શાને હશે કાયર સમગ્ર સ્વદેશ પર સળગાવતા ? ૭૪

ગરૂડ તો ઉંચે રહી કરતું પ્રતિક્ષા પ્રતિ પળે–
–કે કંક સળગે તો સુખે શિકાર વિણયત્ને મળે !
ગરૂડનીતિની ભીતિ નવ લેશ ખૂંચે આંખમાં !
નવ ભો મરે ડોસી; છતાં જમપલકનો ભય સર્વદા ! ૭૫

ક્ષત્રિયોની ક્ષાત્રતા અહીં ન્યાય સાચો આપતી;
ને દ્વન્દ્વયુદ્ધતણી પૃથા પૌરૂષતા પરખાવતી;
મનુજ સાથે મનુજબળને ધર્મથી સરખાવતી;
દાનવ સમક્ષ કદિ ન માનવને તુલાપર તોલતી! ૭૬

ક્યાં છે પૃથા એ પૂર્વની ? જ્યાં ધર્મ કેરી ધવલતા;
છે આજ તો જીવન–મરણ વિજ્ઞાનની વાતુલતા !
'સૃષ્ટા' અને 'શંકર' ખરે સંસારનું વિજ્ઞાન છે !
કિન્તુ કેં કુતૂહલો વિજ્ઞાનથી અજ્ઞાત છે ! ૭૭

વિજ્ઞાનઘેલું વિશ્વ આખું ગર્વથી ફૂલી ફરે;
ઇશ્વર અને સર્જન તણા બેફામ ઉપહાસો કરે !
વિજ્ઞાનથી સંસાર જિતવાની જૂઠી મનસા કરે !
વિજ્ઞાનથી પદચ્યુત કરવા વિભૂને, વાતો કરે ! ૭૮

વિજ્ઞાનથી સામ્રાજ્ય ને સત્તા સબળ કરવા કહે.
વિજ્ઞાનથી રાજા પ્રજાને પીડવા તાકી રહે;
વિજ્ઞાનથી લક્ષ્મીપતિ સંસારના થાવા ચહે;
પીસી ગુલામો તે ઉપર સામ્રાજ્યને ચણવા ચહે ! ૭૯

વિજ્ઞાનથી વિભૂની સત્તા છીનવી લેવા ચહે !
જો એમનું ચાલે; ખરે વિભૂ થવા જાતે ચહે !
વિશ્વ વિભૂ ભોગવે તે એમને ગમતું નથી !
વિભૂની સત્તામાં જીવન વીતાડવું રૂચતું નથી ! ૮૦

પણ શું કરે કે કોકડાં કુદરતતણાં ખુલતાં નથી !
પણ શું કરે કે પ્રેત પડછાયાજ પકડાતાં નથી !
પણ શુ કરે જ્યાં જલધિના જલ જુગથી ખૂટતાં નથી !
કરવાનું સર્વ કરી લીધું પણ ગુંછળાં છૂટતાં નથી ! ૮૧

આર્યની ભૂતિ લૂંટી ભિખારી કોણ કરી ગયા ?
આર્યની લજ્જા લૂંટી બેઆબરૂ કાં દઈ ગયા ?
આર્યના શસ્ત્રો લઈ નિઃશસ્ત્ર શીદ કરી ગયા ?
આર્યના ઔદાર્યથી ગાગર વિષે સાગર ભર્યાં ! ૮૨

હર્મ્ય-ચૂડા ને રૂચિર સૌધાવલી લૂંટી લીધાં;
વૈભવપતિ થાનાર, ના રસ્તા કદિ લેતાં સીધા !
સાધુ હજુ ગિરિકન્દરે બેઠા જપે છે જાપને !
સૃષ્ટિ હજુ ઝીલી રહી છે પાપીઓના પાપને ! ૮૩

બાણ શૈયાપર સૂતેલા 'ભીષ્મ' પણ જોઈ હસે !
'તૈમુર' 'નાદીરશાહ' પણ જો કબ્રમાં કમ્મર કસે !
'તાજ' ની 'મુમતાજ' તુર્બતમાં રહી ઝીણું હસે !
'વિકટોરીયા' માં વિત્ત હમને 'ચાંદબીબી' નું જડે ! ૮૪

ગગન વિષે ગ્રહણ વારંવાર ગ્રહનાં થાય છે;
ગગન વિષે વિત્તહીનાં ગ્રહગણો ખરી જાય છે;
ગગનકેરી ગહનતાથી આર્ય ના અકળાય છે;
અકળાય ત્હેનું ગ્રહણ નિશ્ચયથી અકાલે થાય છે ! ૮૫

ગ્રહણ કરવાની કલા સારી શીખ્યા છો જન્મથી !
હરણ કરવાની રીતિ ઉત્તમ કલામય કેળવી !
શરણાગતોનો શીદ શિરચ્છેદ કરવા છો ઉભા ?
અભ્યાગતોનો શીદ તિરસ્કાર કરતા ગર્વમાં ? ૮૬

આપશો તે પામશો-નિસર્ગનો એ ન્યાય છે !
વાવશો તેવુંજ લણશો; એમ કુદરત ગાય છે !
કલુષિત કર્મોના પ્રતિધ્વનિ તેજ પાછાં આવશે !
કાલ કહીને છેતરો છો; એજ કાલ ભમાવશે ! ૮૭

કુદરત કદિ અન્યાયને જોવાં છતાં સ્હેતી નથી !
કુદરત કદિ અન્યાયીને સાજો જવા દેતી નથી !
કુદરત કદિ ગત ભૂલીને વિગત ત્યજી દેતી નથી !
કુદરત ગુન્હાઓ પોથી વિષે નોંધવા ભૂલતી નથી ! ૮૮

કુદરત ફકીર-અમીરની ખોટી દયા ખાતી નથી !
કુદરત પ્રશસ્તિ પાપીઓના પાપની ગાતી નથી !
કુદરત ભૂપાળ-નૃપાળની સ્હેમાંહ્ય શરમાતી નથી !
કુદરત કીડી-કુંજર સુધી આપે ગતિ કે અવગતિ ! ૮૯

હક ચન્દ્ર–ચન્દ્રિકા ઝીલીને ઉર સૌને ઠારવા;
કે ‘રામ–અલ્લાહ્’ ને મનસ્વી મોજથી સંભારવા!
નાચી વહન્તી ‘નર્મદા’ ગાતી ગરિમા શ્યામની!
સહૂને રજા છે અમિત ને પુનિત પાણી પાનની! ૯૦

સાગર ઉપર સત્તા જમાવીને ‘સ્ટીમર’ ટન્ટા કરે;
જે દેશજન; કુદરત તણા કાનુન–હન્તા તે ઠરે!
બન્ટાની ગોળી દેવને ઘણ્ટા વગાડીને ધરે!
ખંદા ‘પ્રસાદી’ બોલીને, અટૂલા પછી ઉદરે ભરે! ૯૧

‘સાગર ન કોના બાપનો’ એવું બધાં શાસ્ત્રો કહે?
સાગર ઉપર અહો કદિ કો એકલાનો ના રહે!
‘સાગર હમારો’ એ હરફ સ્વાર્થી જનો ઉચ્ચારશે!
જો તો નિધિ ઉન્મત્ત થઇને જૂલ્મીને ઝબકોળશે! ૯૨

સાગર મુબારક આપનો રહેજો ભર્યો ગાગર વિષે!
સાગર ઉપર સત્તા મુબારક આપની રહેતી ભલે!
સાગરે નૌકા–નિશાનો શાહના કાયમ હજો!
પણ કાળની તેજી ટકોરીથી પ્રભુવર! ચેતજો! ૯૩

સત્તાની સ્હામે શાણપણ ચાલ્યું નથી કોઇ તણું!
સત્તાની સ્હેમાંહી ડહાપણ છે દબાયું ધબકતું!
સત્તાથી લાદ્યા રાસભો લત્તા–પ્રહાર સદા કરે!
ખત્તા ખવાડીને મહત્તા સિદ્ધ સત્તાની કરે! ૯૪

કાતાં હમારા હાથમાં, છોને કટાયેલાં હશે!
ખાટાં કરીને રાખશું જે કાટ જાતે કાપશે!
કાતાં કૂદી કાંડા ઉપર તાતાં થઈને વાગશે!
કે ચેતના ચટ જાગશે ને બન્ધનોને છેદશે! ૯૫

માંડી પ્રતિક્ષા પ્રાણને છે ભેટવા ચીરકાલથી!
ગાંડી પરિક્ષા આપવા ઉભા કરોડો કોડથી!
પણ કાલ કંકાશી ન ખૂટે!! હાસી કરતો ઠેકડી!
શા સંઘબળ ઉપર કરો છો આર્ય! ટેસી આવડી?! ૯૬

સંઘત્વ સાધો–રાષ્ટ્ર બાંધો–ભાતૃ–માયા મેળવો !
ધર્મભેદ ભૂલી સહિષ્ણુતા પરસ્પર કેળવો !
ટીટાલીયાવેડા મૂકો કે કાખળી કો ના ફૂટે ! !
રાષ્ટ્રવેલે–ઐકય–અમી સીંચો–નવીન કુંપળ ફૂટે ! ! ૯૭

વરસાવજો આશીર્વચન ‘ કાયમ તપો હો, રાજવી !’
વરસાવજો પ્રેમામૃતો ‘ કાયમ વફાદારી ભરી !’
વરસાવજો કૈં આત્મ–આભા કે ચ્હુઢા આત્માલયે;
પણ ઝૂકશો મા ! ઢળી જશો આ વિશ્વની વાતાયને ! ૯૮

‘ કાયમ રહો તખ્તેનશીન ! કાયમ મનોહારી લીલા !
‘ કાયમ વધુ રહે વિશ્વમાં અવગુણનાં ઉંધા ટીલાં !
‘ કાયમ મનેચ્છા મનુજની ‘ કીસીકા પડે મૂઝે જડે !’
‘ સોટો રખે કાયમ કછોટાદાર યમનો ના નડે !’ ૯૯

બુદ્ધિ હમારી ને ત્હમારી બ્હેર મારી બેઉની !
શુદ્ધિ અને શ્રદ્ધા ઉઠી ગઇ છે પરસ્પર બેઉની !
મુંડી ત્હમારી ને હમારી છે લૂંટાઇ બેઉની !
ને અર્ધદગ્ધ દશા થઇ છે ભાઈ ! આપણ બેઉની ! ૧૦૦

ઓ ! મા ! જનેતા ! જગતની–આસકતની–વિરકતની;
જનની ! વિધાત્રી ! વિશ્વની વિષારી કે વિભક્તની;
જનની ! ઉતારો જીર્ણ ને વિદીર્ણ વસનો આપના !
જનની ! યુવક–યુવતી હૃદયમાં અમર કરશે સ્થાપના ! ૧૦૧

જનની ! પૂજારી આપનાં પુષ્પો વિના શાથી પૂજે ?
જનની ! થઈ ગોઝારી ત્હારી રંગભૂમિ રૂધિરે !
જનની ! ત્હમારી નગ્ન મૂર્તિ બાલ ના જોઈ શકે !
જનની ! રડો મા ! બાલકો પણ ના રૂદન રોકી શકે ! ૧૦૨

જનની ! પટોળા પ્હેરતી–પ્હેરાવતી સંસારને !
જનની ! પ્રભૂતાદાયિની ! તરછોડતી પરિવારને ?
જનની ! અમરકણ્ઠે ભ્રમર સંગીત સમરના ગૂંજતા !
જનની ! ત્હને આલમગીરો આલમ તણા યે પૂજતા ! ૧૦૩

જનની ! રડીરડીને હમારાં લોચનો સુજી ગયાં !
જનની ! નમેરાં નેણમાં આંસુ હવે ખૂટી ગયાં !
જનની ! હમે આંસુ હવે બિન્દુ ન રાખ્યું નેણમાં !
જનની ! પુવારા ફૂટશે અધુના નયનથી લોહીના ! ૧૦૪

જનની ! દીવા રાણા થયા ! દેવળ સૂનું ત્હારૂં થયું !
જનની ! અહિંસાવ્રત ત્હમારૂં આજથી તાતું થયું !
જનની ! શિશુની લોહીગંગામાં ત્હમે કાં ન્હાવ છો ?
જનની ! મટી મા ! ઉગ્ર રણચણ્ડી ત્હમે કાં થાવ છો ? ૧૦૫

જનની ! અરૂણોદય થતાં કાં હાથ આડો રાખતા ?
જનની ! શશી ને તારલા કાં ફૂંકથી બૂઝાવતા ?
જનની ! ન વૈભવ માંગતા—છે સેવનાની વાંછના;
જનની ! હમારી આંખ સ્હામે ચરણ રમજો આપના ! ૧૦૬

જનની ! નથી માંડી હમે—આસુરી કો દિ લાલસા;
જનની ! નથી વાડી હમે રંકોની કીધી ખાલસા;
જનની ! અમીરીમાં હમે આલમ અમીરો પોષતા;
જનની ! સદા શમશેર બાંધીને હમે થાતા સતા ! ૧૦૭

જનની ! નવી જોને પ્રજા ભણતી નથી ગણતી નથી !
જનની ! નવી જોને પ્રજા પત બાપને કરતી નથી !
જનની ! નવી જોને પ્રજા મૃત્યુ થકી ડરતી નથી !
જનની ! બલિ શું એ થશે ? વેદીથી જો ડગતી નથી ! ૧૦૮

જનની ! જવલે જઠરે અરે, વ્હાલા ક્ષુધાના સર્વદા !
જનની ! બૂઝાવીએ ત્હમારા પાયનું પીને સુધા !
જનની ! મરુભૂમિ સમી તૃષાથી ફાટે છાતડી !
જનની ! તૃષા છીપાવોએ ધારા પીને તવ હાસ્યની ! ૧૦૯

જનની !દલિત પદતલ કર્યાં ત્હેં વન્ય કુગ્જર-કેસરી !
જનની ! વિરાજ્યા આપ પદ્માસન વને સ્થાપિત કરી !
જનની ! શરીર બાલાર્કવર્ણાભાથકી પરિભૂષિતા !
જનની ! સકલ ઐશ્વર્યં શાલિની ! ત્હારી હાસ્યમયી પ્રભા ! ૧૧૦

જનની ! જગદ્ધાત્રીરૂપિણી ! માતૃભૂમિ મર્દની !
જનની ! બન્યા કંકાલમાલિની; શીદ કાલિમામયી ?
જનની ! સ્મશાને અસ્થિમાં ભસ્માવૃતા શાને પડયા ?
જનની ! હરિણાક્ષિ મટી, અરૂણાક્ષિ કાં કાલિ થયા ? ૧૧૧

જનની ! નવારૂણકિરણથી જ્યોતિર્મયી થાઓ ! હસો !
જનની ! પ્રતિમા દશભૂજા–દશદિક્ પ્રસારિણિ ધરો !
જનની ! બનો વીરેન્દ્ર–પૃષ્ઠ–વિહારિણી બલદાયિની !
જનની ! બનો વાણી અને વિજ્ઞાન–વિદ્યાદાયિની ! ૧૧૨

જનની ! બનો લક્ષ્મીરૂપિણી ને ત્રિભૂવનમોહિની !
જનની ! બનો ચણ્ડી ! કરાળી ! ઓ, રણાંગણરાગિની !
જનની ! અવિદ્યાહારિની ! અંગારથી ઉઠો હવે !
જનની ! સ્મશાનેથી હવે બેસો ઉઠી; સિંહાસને ! ૧૧૩

જનની ! મૃદુભાષિણિ ! માતર્ ! પુલ્લકુસુમિત કામિની !
જનની ! ઉઠો વીતી ગઈ છે ઘોર કાલિ યામિની !
જનની ! અરૂણોદય થયો રણદુંદુભી અમ હાથમાં !
જનની ! ઘુમીશું ત્રિંશકોટી વીર ત્હારા સાથમાં ! ૧૧૪

જનની ! કરમ કથની નહીં કહેતી કદાપી બાયલી !
જનની ! જગતને આંગણે રહેતી ન તરછોડાયલી !
જનની ! ન ભિક્ષા માંગતી; ભીખના શીકાં ચ્હઢતાં નથી !
જનની ! ભિખારી–ભામટા સાચું જીવી શકતા નથી ! ૧૧૫

જનની ! ત્હમારી નાડમાં નરના રૂધિરો ઉછળે !
જનની ! ત્હમારી નેણથી મૌક્તિક–આંસુ નીગળે !
જનની ! મનસ્વી મોજથી મૃત્યુ તણે કાંઠે ઉભી !
જનની ! પ્રભુના બારણે ભીખ માંગતી આજે ઉભી ! ૧૧૬

જનની ! કવિતા ! કાવ્યદેવી ! હાથ જોડી હું ઉભો !
જનની ! કવિતા ઝીલવા જન્મોજનમથી છું ઉભો !
જનની ! ત્હમારી પાંખ ઉપર ઉડ્ડયન ઉંચા ચહુ !
જનની ! ત્હમારા બાગનું બુલ્બુલ થવા અદના ચહું ! ૧૧૭

જનની ! કવિતા ! વિશ્વની કરૂણા ભરી તવ અન્તરે !
જનની ! કરૂણા સર્વ મ્હેલી જઇ શકે અભ્યન્તરે !
જનની ! કરૂણા તો કવિતા બ્રહ્મની ભાખી શકે !
જનની ! મહામાયા ! અલક્ષ્યે લક્ષને સાધી શકે ! ૧૧૮

જનની ! પશુ પંખી ત્યજી માલા, ઉડીને આવશે !
જનની ! ત્હમારા ગીતમાં સમગીત સાથે ગૂંજશે !
જનની ! તરૂ ઉંચા થઇ ત્હારો ગીતા સંભળાવશે !
જનની ! સમય આવે સમૂળથી ઉખડી તરૂ ઘૂમશે ! ૧૧૯

જનની ! નિધિ પણ નાવ–વામાલિંગનો તરછોડશે !
જનની ! સકલબલ વાપરી રણશંખ 'ધૂધૂ' ફૂંકશે !
જનની ! સરિતા સુન્દરીઓ શૈલ છોડી આવશે !
જનની ! કરીને મેઘગર્જન વિજ–અસિ ચમકાવશે ! ૧૨૦

જનની ! મ્હણે સંભળાય છે અદૃશ્યમાં રણદુંદુભી !
જનની ! કરે ઘેલાં કરોડો વાદ્ય એ રણદુંદુભી !
જનની ! રણાંગણ રંગશે નિશ્ચે હમારૂં દુંદુભી !
જનની ! જુવાનોને ગમે છે ગર્જના રણદુંદુભી ! ૧૨૧